**અગ્રતા ક્રમાંક: ૨૦**

**પ્રશ્ન ક્રમાંક::૧૫/૦૪/૧૭૪૪ માન. ધારાસભ્યશ્રી પ્રવીણભાઈ માળી (ડીસા)**

**પુરક પ્રશ્નો**

૧. કુંવરબાઇનું મામેરૂ યોજનાનો લાભ મેળવવા માટે કયા પુરાવા રજુ કરવાના હોય છે ? (શ્રી પ્રવીણભાઈ માળી (ડીસા))

૨. કુંવરબાઈ મામેરુ યોજના હેઠળ સને ૨૦૨૩માં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ? અને કેટલો ખર્ચ થયેલ છે? (શ્રીમતી માલતીબેન મહેશ્વરી (ગાંધીધામ) )

૩. કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ, મળવાપાત્ર આર્થિક સહાયના દર અને જોગવાઇમાં કયારે અને શું સુધારો કરવામાં આવેલ છે ? (ડો. પાયલબેન કૂકરાણી (નરોડા))

૪. કુંવરબાઇ મામેરૂ યોજનામાં અરજીઓ નામંજુર થવાના સામાન્ય કારણો શું હોય છે? (શ્રીમતી દર્શનાબેન વાઘેલા (અસારવા))

| **અન્ય પુરક પ્રશ્નો** | |
|---|---|
| 1 | **કુંવરબાઇનું મામેરૂ યોજનાની શરૂઆત કયારથી થયેલ છે? તથા અનુસુચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કુંવરબાઇનું મામેરૂ યોજનાનો ઉદ્દેશ શું છે?** |
| 2 | **કુંવરબાઇનું મામેરૂ યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે?** |
| 3 | **કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ સહાય મેળવવા માટે કન્યા લાભાર્થીએ ફોર્મ કયાંથી મેળવવાનું હોય છે, અને લાભ આપવાની પ્રક્રિયા શું છે?** |
| 4 | **કુંવરબાઈ મામેરૂ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કરવામાં આવેલ બજેટ જોગવાઇ, લક્ષ્યાંક, ખર્ચ અને સિધ્ધિની વિગત શી છે?** |
| 5 | **કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ ચાલુ વર્ષ તેમજ આગામી વર્ષ માટે અંદાજપત્રમાં કેટલી જોગવાઈ થયેલ છે?** |

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી પ્રવીણભાઈ માળી (ડીસા)

પ્રશ્ન:-૧ કુંવરબાઇનું મામેરૂ યોજનાનો લાભ મેળવવા માટે કયા પુરાવા રજુ કરવાના હોય છે?

**આ યોજનાનો લાભ મેળવવા માટે રજૂ કરવાના થતા પુરાવા નીચે મુજબ છે.**

- કન્યા તથા તેના પિતા/વાલીના **આધાર કાર્ડ,**
- સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ **કન્યાની જાતિનો દાખલો,**
- સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ **યુવકની જાતિનો દાખલો(જો હોય તો),**
- **રહેઠાણનો પુરાવો** (વીજળી બિલ/ લાઇસન્સ/ ભાડાકરાર/ ચુંટણી કાર્ડ/ રેશનકાર્ડ પૈકી કોઈ પણ એક)
- કન્યાના પિતા/વાલીની **વાર્ષિક આવકનો દાખલો,**
- **લગ્ન નોંધણી પ્રમાણપત્ર,**
- **બેંક પાસબૂકની પ્રથમ પાનાની નકલ** / રદ કરેલ ચેક (કન્યાના નામ પાછળ પિતા/વાલીનું નામ હોય તે),
- જો પિતા હયાત ન હોય તો **મરણનો દાખલો,**
- લગ્ન કરનાર કન્યાના મા-બાપ/વાલીઓ આ યોજનાનો લાભ અગાઉ લીધેલ નથી તેવુ **એકરારનામું.**

Back To Index

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શ્રીમતી માલતીબેન મહેશ્વરી (ગાંધીધામ)

**પ્રશ્નઃ-૨ કુંવરબાઈ મામેરુ યોજના હેઠળ સને ૨૦૨૩માં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ? અને કેટલો ખર્ચ થયેલ છે?**

**જવાબઃ–**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૩ ( તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા૩૧/૧૨/૨૦૨૩ સુધી) | |
|---|---|---|---|
| | | લાભાર્થીની સંખ્યા | સહાયની રકમ |
| ૧ | અમીરગઢ | ૬ | ૭૨ હજાર |
| ૨ | દાંતા | ૫૮ | ૬ લાખ ૯૬ હજાર |
| ૩ | પાલનપુર | ૮ | ૯૬ હજાર |
| ૪ | ડીસા | ૪ | ૪૮ હજાર |
| ૫ | વડગામ | ૬ | ૭૨ હજાર |
| ૬ | વાવ | ૧ | ૧૨ હજાર |
| કુલ | | ૮૩ | ૯ લાખ ૯૬ હજાર |

સને ૨૦૨૩માં કુંવરબાઈ મામેરુ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ ૮૩ કન્યાઓને ૯ લાખ ૯૬ હજારના લાભ આપવામાં આવેલ છે.

Back To Index

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલ (ઉધના)

**પ્રશ્નઃ-3 કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ, મળવાપાત્ર આર્થિક સહાયના દર અને જોગવાઇમાં કયારે અને શું સુધારો કરવામાં આવેલ છે?**

જવાબઃ-

- ❖ આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૭/૦૫/૨૦૨૧ના ઠરાવથી મંજુર કરવામાં આવતી **રૂપિયા દશ હજારની સહાયમાં** રૂપિયા બે હજારનો વધારો કરી એમ બાર હજાર કરવામાં આવેલ છે.
- ❖ આ યોજના હેઠળ મંજુર થયેલ રૂપિયા બાર હજારની સહાય ઈ-પેમેન્ટથી કન્યાના ખાતામાં જમા કરવામાં આવે છે.
- ❖ આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૯/૧૧/૨૦૧૪ના ઠરાવથી કુંવરબાઇના મામેરૂ યોજના હેઠળ હવે કુટુંબદીઠ બે કન્યાઓના લગ્ન પ્રસંગે નાણાંકીય સહાય આપવામાં આવે છે.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા (અસારવા)**

**પ્રશ્નઃ-૪ કુંવરબાઇ મામેરૂ યોજનામાં અરજીઓ નામંજુર થવાના સામાન્ય કારણો શું હોય છે?**

જવાબઃ–

કુંવરબાઈ મામેરૂ યોજનામાં અરજીઓ નામંજુર થતી હોય તેના સામાન્ય કારણો

(૧) **આવક રૂ. ૬ લાખથી વધુ** હોય તો નામંજુર કરવામાં આવે છે

(૨) **લગ્નની તારીખથી ૨ વર્ષ સુધીમાં અરજી રજુ ન કરે તો** અરજી નામંજુર કરવામાં આવે છે.

(૩) એક માતાપિતાની **૨ દીકરીને લાભ આપવામાં આવેલ હોય તો** ત્રીજી દીકરીનાં કિસ્સામાં સહાયનું ફોર્મ ભરે તો નામંજુર કરવામાં આવે છે.

(૪) વર કે કન્યાની ઉંમર પુખ્ત ન હોય તો સહાયને પાત્ર થતા નથી.

Back To Index

## અન્ય પુરક પ્રશ્નો

**પ્રશ્નઃ–** **કુંવરબાઈનું મામેરૂ યોજનાની શરૂઆત કયારથી થયેલ છે? તથા અનુસુચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કુંવરબાઈનું મામેરૂ યોજનાનો ઉદ્દેશ શું છે?**

**જવાબઃ–** અનુસુચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે અપાતી કુંવરબાઈનું મામેરૂ યોજના કન્યા અને તેના કુંટુંબને લગ્ન પ્રસંગે મળતી સહાય આશિર્વાદ રૂપ બની રહી છે. આ યોજના વર્ષ ૧૯૯૫ થી શરૂઆત થયેલ છે.

ગરીબી રેખા નીચે જીવતા અનુસુચિત જનજાતિના પરિવારો મોઘવારી અને ફુગાવાની પરિસ્થિતિમાં કન્યાના લગ્નના ખર્ચને પહોંચી શકતા ન હોવાના કારણે અનુસુચિત જનજાતિના ગરીબ પરિવારો કન્યાના લગ્નના ખર્ચને પહોંચી વળે તે માટે એક કુટુંબ દીઠ વધુમાં વધુ બે કન્યાઓને કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય આપવામાં આવે તો અનુસુચિત જનજાતિના ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને આ યોજના આર્થિક રીતે આશીર્વાદ રૂપ બની રહે છે.

Back To Index

**પ્રશ્નઃ- કુંવરબાઈનું મામેરૂ યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે?**

**જવાબઃ-** (૧) આ યોજનાનો લાભ મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિના લાભાર્થીને જ મળશે.

(૨) કુંટુબદીઠ વધુમાં વધુ બે પુખ્તવયની કન્યાઓના લગન પ્રસંગે આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

(૩) જે અનુસુચિત જનજાતિના કુંટુબ વાર્ષિક આવક રૂા.૬,૦૦,૦૦૦/- સુધી ધરાવતા હોય તેને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

**(ઠરાવ તા.૦૨/૧૧/૨૦૨૨)**

(૪) આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા લાભાર્થીએ લગ્ન કર્યાના બે વર્ષની અંદર જ અરજી કર્યેથી લાભ મળવાપાત્ર રહેશે.

**Back To Index**

**પ્રશ્નઃ–	કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય મેળવવા માટે કન્યા લાભાર્થીએ ફોર્મ ક્યાંથી મેળવવાનું હોય છે, અને લાભ આપવાની પ્રક્રિયા શું છે?**

**જવાબઃ–**

- વર્ષ ૨૦૨૩થી કમિશનર આદિજાતિ વિકાસની કચેરીના evanbandhu.gujarat.gov.in (ઈવનબંધુ ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઈન) પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. કુંવરબાઈનું મામેરૂ યોજનાનો લાભ લેવા ઈચ્છતાં લાભાર્થીએ evanbandhu.gujarat.gov.in (ઈવનબંધુ ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઈન) પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરવાની હોય છે. સફળ નોંધણી પછી સિસ્ટમ દ્વારા સંબંધિત લાભાર્થીને પુષ્ટિકરણ ઈમેઈલ/એસએમએસ મળે છે. આઈ.ડી અને પાસવર્ડથી લાભાર્થીએ લોગીન કરી કુંવરબાઈ મામેરૂ યોજનાનું ઓનલાઈન ફોર્મ ભરવાનું હોય છે. ફોર્મની પુરેપુરી વિગતો તથા જરૂરી આધાર પુરાવા અપલોડ કર્યા બાદ સિસ્ટમ દ્વારા સફળતાપૂર્વક અરજી કરેલ છે તેવો પુષ્ટિકરણ ઈમેઈલ/એસએમએસ લાભાર્થીને મળે છે. (ઓનલાઈન પોર્ટલ પર લાભાર્થી પોતાની અધુરી ભરેલ અરજી કે ભુલ થયેલ અરજી અને જ્યાં સુધી અરજી મંજૂર ન થાય ત્યાં સુધી અરજી પોતાના આઈ.ડીમાં પાછી ખેંચી શકે તેવી જોગવાઈ રાખવામાં આવેલ છે.)લાભાર્થીએ કરેલ અરજી સબંધિત જિલ્લા કચેરીના કલાર્કના લોગીનમાં જાય છે. કલાર્ક કક્ષાએથી અરજદારશ્રીના ડોક્યુમેન્ટ્સની

યોગ્ય ચકાસણી કરી મંજૂર કરવા પાત્ર અરજીઓ સબંધિત મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીશ્રીના લોગીનમાં મોકલી આપે છે. તથા નામંજૂર કરવા પાત્ર અરજી પૂર્તતા માટે લાભાર્થીના લોગીનમાં પરત મોકલી આપે છે. (જેની જાણ લાભાર્થીને સિસ્ટમ દ્વારા ઈમેઈલ/એસએમએસથી થાય છે) મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીશ્રી દ્વારા મંજૂર કરેલ લાભાર્થીના ફોર્મને યોજનાનો લાભ લેવા પાત્રતા ધરાવતા અરજદારોના કેસો ભલામણ સહ મંજુરી અર્થે સબંધિત કચેરીના મદદનીશ કમિશનરશ્રીના લોગીનમાં મોકલી આપવામાં આવે છે. મદદનીશ કમિશનરશ્રી દ્વારા અરજદારોના કેસોની ચકાસણી કરી મંજુર કરી બહાલ રાખવામાં આવે છે. અરજી મંજુર કર્યા બાદ લાભાર્થીઓના ખાતામાં ઈ–પેમેન્ટથી નાણાં જમા કરવામાં આવે છે.

Back To Index

**પ્રશ્ન:** કુંવરબાઈ મામેરૂ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કરવામાં આવેલ બજેટ જોગવાઇ, લક્ષ્યાંક, ખર્ચ અને સિધ્ધિની વિગત શી છે?

**જવાબ:**

| નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ કુંવરબાઈ મામેરૂ યોજનાતા.૩૧/૦૧/૨૦૨૪ અંતિત ખર્ચ અને સિધ્ધિની વિગત | | | | | |
|---|---|---|---|---|---|
| નં | જિલ્લાનું નામ | જોગવાઈ | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | સિધ્ધિ |
| ૧ | બનાસકાંઠા | ૨૫ લાખ | ૨૦૯ | ૯ લાખ ૯૬ હજાર | ૮૩ |
| ૨ | સાબરકાંઠા | ૫૫ લાખ ૨૦ હજાર | ૪૬૦ | ૧૪ લાખ ૬૪ હજાર | ૧૨૨ |
| ૩ | અરવલ્લી | ૩૪ લાખ  ૫૨ હજાર | ૨૮૮ | ૧૯ લાખ ૫૬ હજાર | ૧૬૩ |
| ૪ | પંચમહાલ | ૨૪ લાખ | ૨૦૦ | ૧૦ લાખ ૫૬ હજાર | ૮૮ |
| ૫ | મહિસાગર | ૪૦ લાખ | ૩૩૩ | ૧૩ લાખ ૪૪ હજાર | ૧૧૨ |
| ૬ | દાહોદ | ૮૦ લાખ | ૬૬૭ | ૨૫ લાખ ૪૪ હજાર | ૨૧૨ |
| ૭ | વડોદરા | ૧૨ લાખ ૩૦ હજાર | ૧૦૩ | ૭ લાખ ૬૮ હજાર | ૬૪ |
| ૮ | છોટાઉદેપુર | ૫૩ લાખ | ૪૪૨ | ૨૧ લાખ ૩૬ હજાર | ૧૭૮ |
| ૯ | નર્મદા | ૯૬ લાખ ૧૦ હજાર | ૮૦૧ | ૪૪ લાખ ૧૬ હજાર | ૩૬૮ |
| ૧૦ | ભરૂચ | ૬૬ લાખ | ૫૫૦ | ૫ લાખ ૬૪ હજાર | ૪૭ |
| ૧૧ | તાપી | ૧ કરોડ ૧૦ લાખ | ૯૧૭ | ૭૧ લાખ ૪ હજાર | ૫૯૨ |
| ૧૨ | સુરત | ૧ કરોડ ૧૨ લાખ | ૯૩૩ | ૫૪ લાખ ૧૨ હજાર | ૪૫૧ |
| ૧૩ | નવસારી | ૧ કરોડ ૮૦ લાખ | ૧૫૦૦ | ૧ કરોડ ૧૭ લાખ ૩૬ હજાર | ૯૭૮ |
| ૧૪ | વલસાડ | ૨ કરોડ ૯૨ લાખ | ૨૪૩૩ | ૧ કરોડ ૮૨ લાખ ૮૮ હજાર | ૧૫૨૪ |
| ૧૫ | ડાંગ | ૫૫ લાખ | ૪૫૮ | ૨૦ લાખ ૮૮ હજાર | ૧૭૪ |
| ૧૬ | અમદાવાદ | ૩ લાખ | ૨૫ | ૧ લાખ ૬૮ હજાર | ૧૪ |
| ૧૭ | રાજકોટ | ૯ લાખ ૬૦ હજાર | ૮૦ | ૬ લાખ | ૫૦ |
| ૧૮ | ભૂજ | ૧ લાખ ૮૦ હજાર | ૪ | ૨૪ હજાર | ૨ |
| ૧૯ | ભાવનગર | ૪૮ હજાર | ૧૫ | ૩૬ હજાર | ૩ |
| | **કુલ** | **૧૨ કરોડ ૫૦ લાખ** | **૧૦,૪૧૮** | **૬ કરોડ ૨૭ લાખ** | **૫,૨૨૫** |

Back To Index

**પ્રશ્નઃ- કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ચાલુ વર્ષ તેમજ આગામી વર્ષ માટે અંદાજપત્રમાં કેટલી જોગવાઈ થયેલ છે?**

**જવાબ:**

- નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ માટે કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ કુલ રૂપિયા ૧૨ કરોડ ૫૦ લાખની જોગવાઈ થયેલ છે. જેમાં તા.૩૧/૦૧/૨૦૨૪ અંતિત **રૂપિયા ૬ કરોડ ૨૭ લાખનો ખર્ચ** થયેલ છે અને કુલ ૫૨૨૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

- નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માટે કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ **રૂપિયા ૧૨ કરોડ ૫૦ લાખ**ની સૂચિત જોગવાઈ છે.

Back To Index